ઈ-મેઈલ

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૨/૨૬૧૫૮-૨૯૨

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૭/૦૯/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : 'આઝાદીના અમૃત મહોત્સવ' અંતર્ગત "માટી બચાવો અભિયાન" શરૂ કરવા બાબત.
સંદર્ભ : શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: પરચ-૧૨૨૦૨૨-CMOvip119-વ.૨, તા.૨૯/૮/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, 'આઝાદીના અમૃત મહોત્સવ' ની દેશવ્યાપી ઉજવણી ચાલી રહેલ છે ત્યારે માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા "માટી બચાવો અભિયાન" અંતર્ગત ધરતીમાતાનું જતન કરવા માટેના સઘન પ્રયત્નો હાથ ધરવા અનુરોધ કરવામાં આવેલ છે. જે અંતર્ગત આવનારી પેઢીઓને સ્વસ્થ જીવનની વિરાસત આપવા આ અભિયાન હેઠળ રાજ્યની તમામ શાળાઓના જાહેર કાર્યક્રમોમાં આ અંગે ચર્ચા તથા તમામ વર્ગના લોકોને જાણકારી મળે તેમજ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલ મહત્તમ લોકો જાગૃત થાય તે માટે સામેલ પત્ર સાથેના બિડાણની વિગતો ધ્યાને લઈ આપની કક્ષાએથી તાબાની તમામ શાળઓને જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

પરિપત્ર! 173

ક્રમાંક:યોજના/ આઝાદીકા અમૃત મહોત્સવ/૨૦૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૦૭/૦૯/૨૦૨૨

ઉપરોકત પરીપત્રની જાણ તથા અમલ સારુ

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
આ જિલ્લાની તમામ શાળાઓ
જિ-અમરેલી

ક્રમાંક-પરચ-૧૨૨૦૨૨-CMO vip 119.-વ.૨

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા-૨૫/૦૮/૨૦૨૨

પ્રતિ,

(૧) નિયામકશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૨) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
(૩) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર નં ૧૨ ગાંધીનગર
(૪) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૫) નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી,બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર
(૬) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ,સેક્ટર નં ૧૦બી, ગાંધીનગર

વિષયઃ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત "માટી બચાવો અભિયાન" શરૂ કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વેનામાન.મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયના તા.૧૬/૦૫/૨૦૨૨ના પત્ર ક્રમાંક મુમક/વીઆઇપી/૨૦૨૨/૨૩૭૮૩ની નકલ બિડાણ સાથે મોકલી આપતાં જણાવવાનું કે, દેશ જ્યારે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે માન.મુખ્યમંત્રીશ્રી સાહેબે "માટી બચાવો અભિયાન" અંતર્ગત ધરતીમાતાનું જતન કરવા માટેના સઘન પ્રયાસો હાથ ધરવા માટે અનુરોધ કરવામાં આવેલ છે. સદરહું વિગતોને ધ્યાને લઇ આવનારી પેઢીઓને સ્વચ્છ જીવનની વિરાસત આપવા " માટી બચાવો અભિયાન"માટે શૈક્ષણિક અભ્યાસક્રમોમાં આ અભિયાનને આવરી લઇ, રાજ્યની સમગ્ર શાળા તથા કોલેજોના જાહેર કાર્યક્રમોમાં ચર્ચા તથા તમામ વર્ગના લોકોને તેની જાણકારી મળે અને મહત્તમ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલ લોકો જાગૃત થાય તે અંગેની યોગ્ય જરૂરી આગળની નિયમાનુસારની કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(સંજય જી.ગરાસિયા)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

બિડાણ-ઉપર મુજબ.

નકલ રવાના જાણ સારૂ.

- માન.મુખ્યમંત્રીશ્રીના સંયુકત સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, ગુજરાત સરકાર સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

P MODHA
JOINT SECRETARY
CHIEF MINISTER

મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય

Chief Minister's Secretariat.
Govt. of Gujarat
Swarnim Sankul-1
Sachivalaya, Gandhinagar-382 010

1 6 MAY 2022

શ્રીમાન,

પૃથ્વી પર જીવસૃષ્ટિનું અસ્તિત્વ ટકાવી રાખવામાં જમીન અને માટીની મોટી ભૂમિકા છે. જમીનની ફળદ્રુપતા જાળવવી એ આપણા સૌની સામુહિક જવાબદારી છે.

સમગ્ર દુનિયામાં આ અંગે જાગૃતિ ઉભી થાય તેવા ઉદ્દેશ સાથે જાણીતી સેવાભાવી સંગઠન 'ઇશા ફાઉન્ડેશન' દ્વારા "માટી બચાવો અભિયાન" શરૂ કરવામાં આવેલ છે. આ અભિયાન અંતર્ગત શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ ગામ-શહેરના અને સમાજના અગ્રણીઓ સહિત દરેક વર્ગના લોકોને માટીની ગુણવત્તા જાળવવી કેટલી અગત્યની છે તે અંગે જાગૃત કરવામાં આવી રહેલ છે.

દેશ જ્યારે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે માન.મુખ્યમંત્રી સાહેબે "માટી બચાવો અભિયાન" અંતર્ગત ધરતીમાતાનું જતન કરવા માટેના સઘન પ્રયાસો હાથ ધરવા માટે અનુરોધ કરતો પત્ર આ સાથે સામેલ રાખી આપને મોકલી આપવામાં આવે છે. સદરહુ વિગતોને ધ્યાને લઇ આવનારી પેઢીઓને સ્વસ્થ જીવનની વિરાસત આપવા "માટી બચાવો અભિયાન" માટે શૈક્ષણિક અભ્યાસક્રમોમાં આ અભિયાનને આવરી લઇ, રાજ્યની સમગ્ર શાળા તથા કોલેજોના જાહેર કાર્યક્રમોમાં ચર્ચા થાય તથા તમામ વર્ગના લોકોને તેની જાણકારી મળે અને મહત્તમ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલ લોકો જાગૃત થાય તે અંગેની યોગ્ય જરૂરી કાર્યવાહી કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ

( જે. પી. મોઢા )

પ્રતિ,
અગ્ર સચિવશ્રી(ઉચ્ચ અને ટેક. શિ.),
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર